॥ ૐ ॥

પુષ્પહાર.







પ્રથમ પુષ્પ

વિશ્વવિહારીના બે વિ[illegible]

શ્રી કૃષ્ણચંદ્રની નાભીકમળમાંથી પ્રગટ થયેલ વિશ્વકર્મા વિરચિત શ્રી વિશ્વોદ્યાનના સૂર્યપૂર નામે પરમ પવિત્ર કુંજમાં થી, આપનાજ આશ્રય રૂપી જળ સીંચનથી વિકાસ પામતું આ મૃદુ અને નવલ રંગનું સુવાસિત પુષ્પ સૃષ્ટિમાં માધુર્ય અને રસજ્ઞતા પ્રસરાવવા શુભ યત્ન કરી રહ્યું છે, તેને આપ જેવા અન્ય રસજ્ઞ અને સાહિત્યપ્રેમી બંધુઓ પોતાના વિદ્યાવિલાસી હૃદયમાં સ્થાન આપશે એવી દ્રઢ આશા છે.

"પુષ્પહાર"નું પ્રથમ પુષ્પ ઘણે લાંબે સમયે વિકાસ પામી શક્યું છે છતાં તેને જેમ બને તેમ સુંદર અને આકર્ષક કરવા યત્ન કર્યો છે તે સહજમાં સમજી શકાશે. સાહિત્યવિલાસીઓ ની કીંમતી મદદ હવે પછીના પુષ્પોને એથી વધારે રમ્ય અને શુશોભિત બનાવશે.

છેવટે અમારા સ્નેહીઓ અને શુભેચ્છકો જેમણે શરૂ-આતથીજ પોતાની અમુલ્ય મદદ અમને આપી છે, તેમનો અંતઃકરણપૂર્વક આભાર માની વિરમીએ છીએ.

લી. આપનો સ્નેહાભિલાષી

વિશ્વવિહારી.

અમારૂં મિત્રમંડળ.

અમારા મિત્રો અને શુભેચ્છકો જેઓ "પુષ્પહાર"ના ગ્રાહકો વધારી અમારા સાહિત્ય સેવાના કાર્યમાં મદદ કરી રહ્યાછે તેમને કંઇક બદલો મળે એ શુભ હેતુથી આ મિત્રમંડળ સ્થાપવામાં આવ્યુંછે મિત્રમંડળના નીચે મુજબ ત્રણ વિભાગ રહેશે

(૧) "પુષ્પહાર"ના પાંચ અથવા તેથી વધારે ગ્રાહક મેળવી આપનારાઓ પ્રથમ વર્ગના મેમ્બર ગણાશે આ વર્ગના દરેક મેમ્બરને જુદી જુદી વસ્તુઓ, નોવેલો વગેરે ભેટ આપવામાં આવશે.

(૨) "પુષ્પહાર"ના ત્રણ અથવા તેથી વધુ ગ્રાહક વધારનાર અમારા દ્વિતિય વર્ગ એટલે શુભેચ્છક-મિત્રમંડળના મેમ્બર ગણાશે આ વર્ગમાં પણ દરેક મેમ્બરને ભેટ મળશે

(૩) "પુષ્પહાર"ના માત્ર બે ગ્રાહક વધારનાર અમારા તૃતિય વર્ગમાં એટલે સ્નેહી-મંડળના મેમ્બર ગણાશે. આ વર્ગમાં પણ દરેક મેમ્બરને ભેટ મળશે પણ તે ઉપલા બંને વર્ગ કરતાં હલકી કીંમતની મળશે.

(૪) "પુષ્પહાર"નો માત્ર એકજ ગ્રાહક વધારનારનું મુબારક નામ અમારા સ્નેહી તરીકે હવે પછીના પુષ્પમા છાપવામાં આવશે અને એક બુક ભેટ આપવામાં આવશે

નિયમોઃ—

(૧) દરેક વર્ગના મેમ્બરને તેણે મેળવેલા ગ્રાહકના વાર્ષિક મુલ્યના નાણાં મળી ગયા પછીજ ભેટ મોકલાશે.

(૨) ભેટનું પોસ્ટ ખર્ચ મેમ્બરનેજ આપવું પડશે.

(૩) મિત્રમંડળ સંબંધી પત્રવ્યવહાર કરતાં વખતે જવાબ માટે રીપ્લાઇ કાર્ડ અથવા ટીકીટ બીડવી. તે શિવાય જવાબ મળશે નહી.

પત્રવ્યવહારનું સરનામું.

"પુષ્પહાર" ઓફીસ.

બેગમપુરા-સુરત.

પુષ્પહાર



શ્રી સરસ્વતી સ્તવન.

પ્રણમીએ નમીને મયુરવાહિની
માત આસન મોરનું કરી, હસ્તમાં વીણા ધરી.
રસવતી મા ભગવતી તું દે કૃતી રસથી ભરી
સનમતી દેને દેવી દયાળી—પ્રણમીએ.
તુજ જ્ઞાન સાગર સ્નાનથી ને બ્રહ્મ રૂપના ભાવથી
પામર જનો કંઇ જગતના તરી જાય છે અવની થકી.
વંદન વીણાધારીણી તુજને—પ્રણમીએ.

વિનોદગૃહ. સૂર્યપૂર. } ચંપકલાલ જી. જરીવાળા.

પ્રણય સ્વરૂપ



સકલ જગ સ્નેહે ભર્યું!!!
પ્રભુ! પ્રેમજ્યોતિ તું ખરે!
પ્રેમ કિરણો પ્રગટ થાતાં
ત્યાંહી તું વાસો કરે! "ચંપક."

પ્રથમ પુષ્પ

વસંત-શૃંગાર



એ છે વસન્તના પૂર બહાર !

મૃદુ મન્દ હસતી, દિવ્ય લલના, નહાતી જગમાઝાર
સજતી શીર ચોળી શૃંગાર,
કુહુ કુહુ કરતી, કોકિલ ટહુક કરતી મેના જયજયકાર,
કરતી વસન્ત વાગત સાર ! "ચંપક"

સુલ્તાના.

એક રસીક વાર્તા.

લખનાર—ઠક્કુર નારાયણદાસ વિસનજી ચતુર્ભુજ.

(૧)

બગદાદના ખલીફ નેક નામદાર અલમુરાદના બાદશાહી મહેલમાં એક દિવસે ગમગીનીનો અવાજ એકાએક ફેલાઇ ગયો. થોડીજવારમાં નોકરોના આહોજારી ભરેલા પોકારે એમ જાહેર કર્યું કે, સુલ્તાન આફાની જહાનને છોડી ગયો હતો. તે મરણ પામ્યો હતો.

એ શોક ભરેલા સમાચાર માત્ર જનાનખાનામાંજ ફેલાયલા હતા—એમ નહોતું; પણ તે ભલા અને ઇન્સાફી સુલ્તાનના મહોતથી તમામ રૈયતની આંખમાંથી આંસુ વર્ષતા જોવામાં આવતા હતા. જેના બાદશાહીના વખતમાં બકરી અને વાઘ એક આરે પાણી પીતા હતા અને જુલ્મનું નામ પણ નહોતું સંભળાતું એવા સુલ્તાનને સદાને માટે ગએલો જાણી વફાદાર શહેરીઓના મનમાં ગમ પેદા થાય; એમાં અજાયબી તે શી? અફસોસ! એક કાળા માથાનું માનવી બીજાં ગમે તે દુઃખોને અટકાવવા ઉપાયો કરી શકે છે, પણ

મહોતને રોકવાની તાકાત તેનામાં હજી નથી આવી-ગરીબ અને શરીફે એક સરખી રીતે મહોતને તાબે થવુંજ જોઇએ છે-મહોતની સામે જરદારના જરની કે જોરાવરના જોરની કોઇપણ મોટાઇ ચાલી નથી શકતી.

ખલીફના મરણના સમાચાર હજી તો ફેલાતા હતા અને રૈયત ગમગીનિના દરિયામાં હજી તો ગર્ક થએલી હતી તેવા વખતમાં બલવાખોર અને હિર્સી અલ્લાઉદ્દીન તખ્તનશીન થયો. ખલીફના અકાલ મરણથી પૂર્વના દરેક મુલ્કની રિયાસતના લોકો શોકથી વ્યાકુલ થએલા હતા; ત્યારે અલ્લાઉદ્દીનની ખુશીનો પાર નહોતો. ખુદાની કેવી અજાયબ કુદરત! માણસોના કેવા એકએકથી જૂદા ખવાસ! અલ્લાઉદ્દીન તરતજ પોતાને સત્તાના જોરથી મળેલી મોજમજાહમાં ગુલ્તાન થઇ ગયો અને એક સુલ્તાન તરીકેની પોતાની ફર્જ. અને જવાબદારીને તદનજ ભૂલી ગયો.

લોકોએ તેની ચાલ ચલગતમાં ફેરફાર કરવાને ઘણીજ ચળવળ કરી, પણ બધું ફોકટ. પોકાર કરનારને સજાનો સરપાવ મલતો હતો અને ઇન્સાફ માગવાને ઉચ્ચારેલો શબ્દ તેના કાનને બદલે હવામાં જઇ ભળતો હતો. હવે માત્ર સર્વ વ્યાપક અલ્લાહ વિના તેમની ફરિયાદ સાંભળનાર કોઇ પણ રહ્યું નહોતું, અને તેથી અંતે હારી બધા લોકોએ મસજીદમાં, જઇ ખુદાને મૂગે મોઢે અર્જ કરવા માંડી. પયગમ્બર મહમ્મદે તેમનો પોકાર સાંભળ્યો. તેમનાં દુ:ખોને ટાળી શકે એવા એક પાકને અને નેક ઇન્સાનને તેણે સુલ્તાનની સામે થવાને તૈયાર કર્યો.

મોટો વજીર અહમદ ઇરાક, અરાબીના રહેવાસિઓ તથા પોતાના દોસ્ત આશનાઓમાં ઘણોજ માનીતો અને પ્રિય હતો. એના ગુણોની બરાબરી બીજા કોઇથી થઇ શકે, તેમ નહોતું. તે એક નેક ઇન્સાફી અને રહમદિલ ઇન્સાન હતો. ગરીબોની દાદ લેવી એ તેનું હમેશનું કામ થઇ રહેલું હતું. જ્યારે અહમ્મદને આખી રૈયત પ્યારની નજરથી જોતી હતી, ત્યારે બદકાર અલ્લાઉદીન એને નફરતની નજરથી નિહાળતો હતો. છતાં પણ તેની પાસેથી તે પોતાની બાદશાહી સિક્કાની મોહોર માગી નહોતો શકતો. અંતે તેણે કોઇ પણ તરકીબથી વજીરને તેની જગ્યાથી બરતરફ કરવાનો પાકો ઇરાદો કર્યો. બાદશાહત મેળવીને માત્ર મોજ મજાહ કરવામાં જ તે પોતાની જીન્દગીની સફળતા માનતો હતો. તેનો ખજાનો પૈસાથી પૂર હતો અને તેના જનાનખાનામા સર્કેશિયન, પેશિયનં સલ્જક, અરેબીયન, વાલૂન અને જયોર્જિયન મળી જૂદા જૂદા મુલ્કોની લગભગ ત્રણસો ખુબસૂરત નાજનીઓ હાજર હતી; તેમજ પડોશના સર્વ રાજાઓ સાથે પણ હાલનો તેની સલાહ હતી; એટલે તેની મોજમજાહમાં આડે આવે એવી એક પણ ચીજ અત્યારેતો આપણા જોવામાં આવતી નહોતી. પણ વખતો વખત માત્ર વજીર અહમ્મદની નેકોખારી સુલ્તાનની ખુશીની રોશનીને બુઝાવી અંધકારનો આભાસ કરાવતી હતી.

(૨)

બળાત્કાર

એક દિવસે સાંઝે વજીર અહમ્મદ પોલીસના અમલદારો પોતાનું કામ સારી રીતે બજાવેછે કે નહિ; તે જોવા માટે છુપા પાશાકમાં શહેરની ગલીઓ અને મોટા રસ્તાઓમાં ફરતો હતો.

એ વખતે તેની સાથે કોઇ પણ સિપાહી કે ગુલામ હતો નહિ. ફરતાં ફરતાં તે બગદાદના મુખ્ય દરવાજા પાસે આવી પહોંચ્યો અને અહીં તહીં જોતો ઉભો રહ્યો. એટલામાં એકાએક કોઈ ઔરત જાતની ચીસ તેને કાને પડી. તે એકદમ તૈયાર થયો અને પોતાની સમશીર ખેંચી જે તરફથી અવાજ સંભળાતો હતો, તે દિશા તરફ ચાલતો થયો.

ત્યાં ત્રણ માણસો તેના જોવામા આવ્યા. તેમાંનો એક અફસર ને બે તેના નોકર હોય, એમ દેખાતું હતું. કારણ કે, તેઓ તેના હુકમને તાબે થઇ એક નિરાધાર નારીને બળાત્કારથી ઘોડાપર બેસાડવાની કોશિશ કરતા હોય, એમ જોવામાં આવ્યું. સવારોના દરવાજોમાંથી પસાર થતાંજ તે નાજનીએ ઘોડાપરથી પોતેજ પડતું મૂક્યું હોય, એમ જણાતું હતું. તે ત્રીજો જવાન તો એ સઘળો બનાવ દુરથીજ જોયા કરતો હતો.

આવો જુલ્મ જોઇ વજીર અહમદે તેમને અટકાવી ગુસ્સાથી કહ્યું કે "ઓ કુતરાઓ ! તમે કોણ છે ? આ છોકરી ઉપર શા માટે બળાત્કાર કરો છો ? હું તમને એને છોડી દેવાનો હુકમ કરૂં છું.

તે ત્રણમાંથી જે અફસર જેવો દેખાતો હતો, તેણે એ શબ્દો સાંભળતાંજ ધીરેથી આગળ વધી એક પણ શબ્દ બોલ્યા વિના હિચકારા પ્રમાણે એકદમ વજીરના શરીરપર પોતાની તલવારનો ઘા કર્યો અને તેનો ડાબો હાથ ઘાયલ કરી નાખ્યો.

"મને બચાવો—મને બચાવો—ખુદાને ખાતર મને કોઇ બચાવો !," નરમ અવાજથી બળાત્કારનો ભોગ થઇ પડેલી નાજનીએ પોકાર કર્યો. "આ નાપાકોએ બળાત્કારે મારા વાલિદના ઘરથી મને વિખુટી પાડી છે."

"હું તને બચાવીશ નહિતો અહીંજ જીંદગી ખપાવીશ ! ઓ પરીપયકર ! ગભરાઇશ નહિ !" તે ઓરત ઉપર બળાત્કાર કરનાર એક જણના હાથમાંની મસાલના પ્રકાશથી તે હસીન નાજનીના નાજુક સીનને નિહાળી તે નેકમર્દ અહમદે પોકાર કર્યો. અનાથ અબળાના મનમાં કાંઇક હિંમત આવી.

"હું તારી જીંદગી નક્કી ખપાવીશ અને તને દોજખની બાદશાહી અપાવીશ." તે અફસર જેવા દેખાતા જવાને સામો પોકાર કર્યો.

આ વાક્યો ઉચ્ચારનાર અફસર તે ખલીફ અલ્લાઉદ્દીન પોતે જ હતો. અહમદ ઘણોજ ગુંચવાડામાં પડી ગયો અને પોતાનાજ સુલતાન ઉપર હાથ ચલાવવાની તેની હીંમત ન ચાલી. એક નવ જવાન અને ખુબસુરત નાજનીને બચાવવા માટે પોતાના માલીક સાથે નિમકહરામી કરવાનું તેને વાજબી ન લાગ્યું.

અહમદને આ દેશામાં પડેલો જોતાંજ તે કુમારિકાના કોમળ શરીરમાં જાણે મરણનો આઘાત થયો હોયની ! તેવો ભાસ થયો. તેના મનમાંથી છુટકારાની સઘળી આશાઓ ઉડી ગઇ. ઘાયલ કરીને વજીરને અલ્લાઉદ્દીને જમીનપર પટક્યો અને તેને ત્યાંજ બેહોશીની હાલતમાં મૂકીને પોતાના ખુબસુરત શિકારને લઇ તે દાઇઆસના કિનારા તરફ ચાલતો થયો. ત્યાં તઇયાર રાખેલી નાવ એમના બેસતાંજ લંગર ઉઠાવી ચાલતી થઇ અને થોડાંજ પળમાં સુલતાનના જનાનખાનાના ખાનગી ઓરડાઓમાં જવાની આરસ પંથ્થરની સીડી પાસે આવી ઉભી રહી. કોમલાંગી કુમારિકા અંતે સુલતાનના જનાનખાનામાં-અરે સખત કેદખાનામાં પડી ચુકી.

ત્યાંથી એક મુસાફર પસાર થયો અને તે અહમદને આવી ખરાબ હાલતમાં પડેલો જોઇ રહમ આવવાથી પાસેની એક કારવાનસરામાં લઇ ગયો. ત્યાં હોંશમાં આવ્યા પછી વજીર પોતાને ઘેર ગયો. કેટલાક દિવસો વિત્તી ગયા અને છેવટે અહમદ તનદુરસ્તીની હાલતને મેળવી શકયો. તંદુરસ્ત થતાંજ એકદમ દરબારમાં ગયો. અને ખલીફના પગમાં પડી એક સુંદર રેશમના કકડામાં વીટાળીને બાદશાહી સિક્કાની મોહોર તેના હાથમા આપી અલ્લાઉદ્દીને તે ખુશીથી લીધી અને અહમદ ત્યાંથી ચાલતો થયો.

ખુદ–કલામી.

થોડા વખતને માટે અલ્લાઉદીન ઘણોજ સુખી થયો. જે વજીર તરફ તે ઘણીજ નફરત ધરાવતો હતો, તેનાથી તે છુટો થયો હતો તેમજ પોતાના બદહવસને પુરો કરવા માટે દુનિયાની ખુબસુરતીનો ભંડાર તે કુમારિકા તેના જનાનખાનામાં હાજર હતી. તે કુમારિકાની જાદુ ભરી તસ્વીર તેની છાતીમાં કોતરાઇ ગઇ હતી. તેને દરબારનું કાંઇપણ કામ કરવાનું ન હોવાથી તે પોતાનો સઘળો વખત એકાંતની મોજમજામાંજ વીતાડવા લાગ્યો. તે એટલે સુધી કે, અંતે તે એકાંત સુખ વિલાસ પણ તેને કંટાળા ભરેલા અને દુઃખરૂપ ભાસવા લાગ્યા. માણુસનું મન હંમેશ એકજ બાબતમાં સ્થિર નથી રહેતું, એ કહેવતની સચ્ચાઇ આપણને અહીં જોવામાં આવે છે.

બામદાદની રોશની ચળકવા માંડી હતી અને ગુલો પર હજી શબનમના છાંટા જેમના તેમ જોવામાં આવતા હતા. એવા ખુશનુમા વખતે સુલતાન અલાઉદીન પોતાના બાદશાહી મહેલની અ૰

સપાસ વિસ્તરાયલા આલીશાન ગુલિસ્તાનમાં કાઇક ખ્યાલમાં ઘેરાયલો એકલો અહીં તહીં ફરતો હતો. તે ઘણોજ દૂર એક એકાંત ભાગમાં નીકળી ગયો અને દ્રાક્ષની લતાથી બનેલા માંડવામાં પોતાના માજી વજીર અહમંદની બુનિયાદને નાબુદ કરવાના વિચારમાં ચુપચુપ બેસી રહ્યો.

જનાનખાનામાંની બધી ઓરતોમાં વધારે માનીતી અને ખલીફની પ્યારી દીલદાર ખુશદીદાર જલીમા ત્યાં અચાનક આવી ચઢી. તે સુલતાનની પાસે જવાના વિચારમાં હતી, એટલામાં તેને કાંઇક બબડતો જોઇ તે સાંભળવાની મતલબથી છુપાઇને છેટી ઉભી રહી. અલાઉદ્દીન આ વખતના દેખાવે તે મહેરુન્નિસાના મનમાં કાંઇક જુદા ભાવો ઉપજાવ્યા.

"શાને માટે ?" ખલીફે બોલવાનું શરૂ કર્યું.

"શાને માટે ? બગદાદના ખલીફે એક નામીજ ગુલામ—અરે ગુલામના પણ ગુલામથી શાને માટે ડરવુ ? માટે રૈયત હમેશ તે કૂતરા—અહમદના ગુણોનાજ વખાણ કર્યા કરે છે, અને દીનદારોના સરદારોના સરદાર આ અલઉદ્દીનની બદગોઇ કરવામાં પણ તેવોજ આગળ પડતો ભાગ લે છે. યા અલ્લાહ ! જે માત્ર એકજ હુકમથી લાખોના જાન લેવાને શકિતવાન છે, જેના હાથમાં લાખો બલ્કે કરોડો માણસોની જિન્દગીની દોરી રહેલી છે—તે સુલ્તાન શું એ હયવાનથી પણ નીચો દરજ્જો ધરાવતાનુ અપમાન સહી શકશે ? ના—કોઇ કાળે પણ નહિ. તે મરશે અને તેનું ઘર જમીનદોસ્ત થશે— ઓ અહમ્મદ ! તારી સલામતીનો આધાર રૈયતના પ્યાર ઊપર નથી, પણ તારા ખુદાવન્દ સરદારની મરજી ઊપર રહે-

લો છે ! સબૂર–સાંભળ.” તે અટક્યો,, થોડી વાર ચુપ રહ્યો અને પાછો બોલ્યો. મને લાગે છે કે, મેં દૂરથી કોઇના પગલાનો અવાજ સાંભળ્યો ! વખતે હવાથી હાલતાં ઝાડોનો ખખડાટ પણ હોય ! ”

ઓફ્નાક ચુપકીદીમાં માહરૂહ જલીમાને નેક કિર્દાર અહમ્મદનું આવનારૂં મહોત સંભળાયું અને થોડીકવાર સુધી તે ત્યાંની ત્યાંજ જેનું આપણી જબાનથી બ્યાન ન થઇ શકે તેવા રંજના તોફાનમાં તણાતી મૂગી બની ઉભી રહી” અલ્લાઉદ્દીનના એ બદ ઇરાદાને અહમદને વાકેફ કરીને તેને આવનારી આફતમાંથી બચાવવાની કોશિશ કરવીજ જોઇએ.” એવો જલીમાનો પાકો વિચાર થયો. પણ અફ્સોસ ! તે ઇરાદાને પુરો કરવાની શકિત તેનામાં નહોતી; જનાનખાનાના કાયદા એવા તો સખત અને જુલ્મી હતા કે, બહારના માણસથી કોઇ પણ જાતનો તાલુક રાખવાનું તદનજ અશક્ય હતું. તેની મનની આશા મનમાંજ રહેવા જેવું થયું.

સુલતાનના ઉઠવાના અવાજે તે નાજનીનને અફ્સોસની ઉંઘમાંથી જગાડી અને તે પોતાથી બની શકે તેટલી ઉતાવળથી જનાનખાનામાં ચાલી ગઇ. સુલતાન પણ વિચારમાં ને વિચારમાંજ પોતાને રસ્તે પડયો.

જનાનખાનું.

આપણે જે વખતની કહાણી આજે લખીએ છીએ, તે વખતમાં બગદાદના સુલતાનનું જનાનખાનું ટાઇગ્રેસ નદીના કિનારા પર આવેલું હતું જનાનખાના ગંજાવર મકાનની આસપાસ જુદી જુદી જાતના અનેક નાજુક બગીચા બનાવેલા હતા. અને નદીમાંથી કાઢેલી નાની નહેરની મારફ્તે તેમાંના ઝાડોને પાણી પહોંચ્યા કરતું હતું. જનાનખાનાની હવેલી ઘણીજ કુશાદા છતાં પણ સરસ કારી-

ગરીની અને નાજુક બાંધવામાં આવેલી હતી, તેથી તેનો બહારનો દેખાવ ઘણોજ દિલચસ્પ જોવામાં આવતો હતો. તેમજ તેના અંદરના ભાગમાં તે વખતના ઐયશઆરામનાં સાધનોમાં ગણાતી સઘળી ચીજો રાખવામાં આવેલી હોવાથી અંદરનું રૂપ પણ બહારના જેવુંજ સુંદર અને મનોહર થએલું હતું. ન્હાવાની ખુશબોદાર વસ્તુઓથી અને ગુલાબના પાણી વગેરેથી ભરપુર હમામખાના, અંગુર, નારંગી અને બીજા તેવાજ મેવામાંથી બનાવેલા મોંઘા શરાબો અને ઘણી જાતની ખાનાની ચીજોથી શણગારેલાં જિયાફતખાના વગેરેથી આપણને સુલતાનના દબદબાનો સારો ખ્યાલ આવતો હતો. મહેલના મધ્ય ભાગમાંના દીવાનેખાસની પેલી તરફ જનાનખાનાની સરૂઆતમાંજ ચાર મોટા ઓરડા જોવામાં આવતા હતા અને તે ચારેમાં એક બીજામાં આવજાવ થઇ શકે, એની સગવડ માટે વચમાંથી દરવાજા રાખેલા હતા.

પહેલો ઓરડો જનાનખાનાની સઘળી નાજનીનોને એકઠી મળી બેસવા અને પોતાને ગમે તેટલો વખત ત્યાં રાખેલા જાત જાતના વાજીંત્રો સાથે ગાનતાનમાં પસાર કરવા માટે તેમજ ભરત કામ અને નાચવું વગેરે ઓરતોને લાયકના કામ માટેજ ખાસ મુકરર કરવામાં આવ્યો હતો. એ ઓરડાની દરેક બારી પાસે બહાર બાંધેલી શોભીતી પાળ ઉપર ખુશબોવાળાં ફુલોની ચીનાઇ બનાવટની કીમતી કુંડીઓ રાખવામાં આવેલી હતી. ગણી ન શકાય તેટલી જાતના મેવા સોના અને ચાંદીની રકાબીમાં સુંદરતાથી ગોઠવી મેજ ઉપર મૂકેલા હતા, તે ખરેજ ભૂખને ઉશ્કેરે એમાં નવાઇ તે શાની ? ટુંકામાં કહીએ તો એ ઓરડાને બધી રીતે સુ-

શોભિત અને આરામ આપનાર બનાવવામાં કશી પણ કચાશ રાખવામાં આવી નહોતી.

દિવસમાં અમુક એક વખતે ખવાતા ખાના માટે બીજો ઓરડો રાખવામાં આવ્યો હતો, અને ત્રીજા ઓરડામાં દરેક જાતની કીંમતી મોઠાઇ અને ઉંચા શરબતો રાખવાની ગોઠવણ કરવામાં આવી હતી. પણ ચોથો ઓરડો કે જેનો એક ખાનગી રસ્તાથી ખલીફના મહેલની સાથે સંબંધ હતો, તે ખાસ ખલીફે પોતાને માટેજ મુકરર કરી રાખ્યો હતો, જ્યારે સુલતાન જનાનખાનામાં આવતો હતો ત્યારે બધી નાજનીનો તેના દીદાર માટેજ એ ઓરડામાં એકઠી થતી હતી. એ ઓરડામાં ચારે તરફ તેમાંથી બીજા નાના ઓરડામાં જવા માટે ત્રણુશો નાના દરવાજા જોવામાં આવતા હતા. તેમાં દાખલ થઇ નાજનીનો પોતપોતાના ઓરડામાં સુવાને જઇ શકતી હતી. એ દરવાજાના ઉપરના ભાગમાં ઓરડાની માલીક નાજનીનું નામ સોનેરી અક્ષરોથી લખેલું જોવામાં આવતું હતું. કેવો ભારી દબદબો ! કેવી મોટી જાહોજલાલી ! !

અયશો અશરતના આટલાં બધાં સાધનો જનાનામાં મોજુદ છતાં આરામમાં મહાલતાં હૃદયો તો ત્યાં થોડાંજ જોવામાં આવતાં હતાં. જનાનખાનું તે બીજા લફ્જોમાં કહિએ તો કેદખાનુંજ હતું. જ્યારે જલીમા ઉપર કહેલા પહેલા ઓરડામાં આવી, તે વખતે સુલતાનની ખુદ કલામીને ભુલાવી નાંખે એવો બીજો બનાવ તેના દીઠામાં આવ્યો. જનાનામા જ્યાં ત્યાં ખોફ અને ગભરાટની છાયા છવાયલી હતી.

દરિયામાં ઉછળતા મોજાના ગગડાટ જેવો અવાજ દુરથી જલીમાને કાને પડયો. બધી ઓરતો ભયથી મુગી મુગી અહી તહીં

દોડધામ કરતી. તેવામાં બહારથી સંભળાયલા એક ભયંકર પોકારે જલીમાને ભાન કરાવ્યું કે, રઇયતે બલવો મચાવ્યો હતો.

થોડીજ વારમાં જલીમાએ નીચેના મનોગમતા શબ્દો સાંભળ્યા.

"જહાનનો પેદા કરનાર ખુદા એકજ છે અને તે અલ્લાહના પવિત્ર નામથી ઓળખાય છે. મહમ્મદ તેનો પયગમ્બર છે—આ જમીનપર તેનો કારોબાર ચલાવનાર પાક દિલ્વી અહમદ છે."

કિસ્મતની કરામત.

કિસમતની કરામતને કોણ જાણી શકે એમ છે ? કારણ કે, એજ ખુદાની ખુદાઇ છે. થોડીજ પળ પહેલાં ખલીફ અલાઉદીને જેને મારી નાખવાનો પાકો ઠરાવ કરેલો હતો, તેજ વજીર અહમદ આજે કિસ્મતની કરામતથી કબરસ્તાનનો શાહ થવાને બદલે બગદાદનો બાદશાહ થયો. તેના નામની ફતેહનો પોકાર બગદાદના દરેક ભાગમાં ફેલાઇ ગયો.

એકલી રઇયતજ બળવો કરનાર નહોતી; પણ લશ્કરના સિપાહીઓ અલ્લાઉદીનની જુલ્મ ભરેલી જોહાકીથી કંટાળી ગયા હતા, અને તેથી રૈયત અને લશ્કર બન્નેએ સાથે મળી બલ્યો મચાવ્યો હતો અને અહમ્મદને ખરા કે અરાબીનો ખલીફ જાહેર કર્યો હતો. અહમ્મદે તેમને ઘણુંએ સમઝાવ્યુ પણ બધું ફોકટ ! તેનું કોઇએ કાંઇ પણ માન્યું નહો. થોડા દિવસમાજ અલ્લાઉદીનને તખ્તપરથી ઉતારી પાડવાનું અને ખલીફ તરીકે મુકરર કરવાનું જાહેરનામુ બગદાદના રાજ્યમાં ફેરવી દેવામાં આવ્યુ અને આધેના મુલકમાં ખબર આપવાને ખાસ કાસીદોને મોકલવામાં આવ્યા.

એજ વખતમાં અલાઉદીનના કાયમ—મુકામે સુલ્તાન (વાઇસરોય) દમાસ્કસના રાજાએ ખલીફાના દુશ્મન સિલ્જકો ઉપર ફતેહ મેળવી.

સિલ્જક લશ્કરનો મોટો ભાગ તો લડાઇમાં મરાઇ ગયો હતો અને જે બાકી રહ્યા તેમણે બ્રાસા તરફ ન્હાસવાનું પસંદ કર્યું. કારણ કે, નહી તો જાન બચવી મુશ્કેલ હતી.

ઉસ્માન, સીરિયન લશ્કરના બાદશાહી સરદારે સુલેહમાં રહેવાનું વધારે પસંદ કર્યું અને તે ફતેહ સાથે દમાસ્કસ પાછો ફર્યો એટલે કે, તેણે દુશ્મનોની પાછળ પડવાનું મુનાસિબ ન ધાર્યું હારેલા દુશ્મનોને વધારે પીડવાનું યોગ્ય ન વિચાર્યું.

લડાઈની તૈયારી.

એક દિવસે સાંઝે ઉસ્માન પાદશાહ પોતાના ખાનગી ઓરડામાં પોતાની ગુમ થએલી એકની એક દીકરીના ગમમાં ગિરફતાર થએલો બેઠો હતો, તેટલામાં એકાએક નીચેના ચોગાનમાં ઘોડાની ખરીનો અવાજ સાંભળીજ તે ચોંકયો અને "ખલીફ" એવો શબ્દ તેને કાને પડયો. તે તેજ પળે દીનદાર મુસલ્માનોના સરદારને આવકાર આપવા નીચે આવ્યો. પણ તે નામદાર સરદાર અહમદ નહી પણ તે નામદાર અલાઉદીન હતો. અલાઉદીન તે પાદશાહી મહેલમાં દાખલ થયો અને અમીર ઉમરાવોની સલામીનો લાયક જવાબ આપી ઉસ્માન સાથે પોતાના સરપર આવેલી આફતની વાતચીતમાં રોકાયો.

ઉસ્માને ઘણીજ ધીરજ અને મનની લાગણીથી અલાઉદીનની કર્મ કથા સાંભળી તેની બરતરફની અને અહમદની તખ્તનશીનીનો બધો અહેવાલ તેણે જાણી લીધો અને દમાસ્કસનો વફાદાર નિમકહલાલ પાદશાહ ઉસ્માન પોતાને આશરે આવેલા અલાઉદીનના હક માટે અહમદથી લડવાને એકદમ તૈયાર થયો.

અલાઉદીનની પાયમાલીથી અહમદની ખુશહાલીનો વખત આવ્યો. તે બગદાદનો સુલતાન અને ખલીફ થયો. પણ તેને મેળેલી એ મોટાઇ તો ઔર તેના ગુણોને વધારવાનુંજ કારણ થઇ પડી મોટાઇથી તે ફુલાઇ ગયો નહી. રઇયત અલમુશાહના વખતના અમલ પ્રમાણે અહમદના અમલમાં સુલેહ અને ઇન્સાફની લહેજ્જત લેતી ખુશી અને આરામમાં પોતાના દિવસો વીતાડવા લાગી.

પણ એકાએક દમારકસના પાદશાહ ઉસ્માનના ચડી આવવાની ખબર રઇયતના મનમાં કાંઇક નવીન ચલવળ ઉપજાવી. “ઉસ્માને અહમદની અફસરી કેમ કબુલ નહી કરી હોય ? એમાં શો ભેદ હશે ? ” એવા એવા અનેક સવાલો લોકોના મનમાં થવા લાગ્યા. સાઠ હજાર માણુસના હાથયારબંધ લશ્કર સાથે અલાઉદીન અને ઉસ્માન યુફ્રેટિસ નદીને ઓળંગી અલ્જીસિરાસનું રણ પણ પસાર કરી ચૂકયા હતા, અને ઘણીજ ઉતાવળથી બગદાદ તરફ કુચ કરે જતા હતા. અહમદ પણ અલાઉદીનને તેની ગએલી સુલતાની પાછી આપવાને તઇયાર હતો અને તે આપી પણ દેત પણ માત્ર એકજ સબબથી તેની એ ઇચ્છા બદલાઇ ગઇ—તેને બીજો રસ્તો લેવાની લાચારી ભરી ફરજ પડી.

જલીમા કોણ ?

જનાનખાનામાંની બધી ઓરતોમાં હસીન જલીમા ઘણીજ ખુબસુરત તેમજ નેક ખસ્લત ઓરત ગણાતી હતી. તેના અંતરની ખુબસુરતીની બરાબરી કરે તેવીજ હતી જલીમા વિના અહમદનો પ્યાર બીજી કોઇ પણ ઓરતપર હતો નહી. અહમદનો જલીમાપર જે પ્યાર હતો, તે હવસને પૂરો કરવાના પ્યારથી કાંઇ જુદોજ

જાતનો અને સ્વર્ગીય હતો. તેમજ જલીમા પણ તેને તેનીજ મહોબતથી ચહાતી હતી. પણ અજાયબીની વાતતો એ હતી કે, આટલું સુખ, આટલો વૈભવ અને જાહોજલાલી છતાંપણ જલીમા દીનરાત ગમગીનીમાંજ રહ્યા કરતી હતી. અહમદ હમેશાએ ગમનું કારણ જાણવાનો પ્રયત્ન કર્યા કરતો હતો પણ હજી સુધી તે ફતેહમંદ થયો ન હોતો. અહમદની પહેલી મુસીબતોનું કારણ પણ એજ જલીમા હતી, એટલું તે પોતાની દિલરૂબાને રોતી જોતો હતો ત્યારે ત્યારે તેને દુઃખનું કારણ જણાવવાનો ઘણીજ આજી-જીથી વિનતિ કરતો હતો. કારણ કે, તેને એવો શક હતો કે, "જોરાવરીથી તેને જનાનખાનામાં દાખલ કરવામાં આવી છે, તેથીજ તે ગમગીન રહ્યા કરે છે"

"આવી રીતે આહોજારી અને ગમ કરવાનું કાંઇ કારણ ? જલીમા !" એક દિવસ અહમદે નરમાશથી પૂછયું. આ વખતે તે બન્ને બાદશાહી મહેલની નીચેના ભાગમાં ગુલ બુટાની નવી મહકમાં મસ્ત બનીને ફરતા હતા.

"મારી હાલતને એજ યોગ્ય છે." જલીમાએ જવાબ દીધો "જે સાંઝે આપણે પહેલાં મળ્યાં હતાં, ત્યારથી તમે મારા બચાવ માટે પોતાની પ્યારી જાનને જોખમમાં નાખી હતી, ત્યારથી આજ સુધીમાં મેં ભાગ્યેજ આરામની ઘડી જોઈ હશે. હું અલાઉદીનની માનીતી સુલ્તાના થવા પામી, તે પહેલાં જો મારી મિન્નત જારી સાંભળવાથી તે કંટાળી ગયો હોત, તો ખરેખર આજે આ ફાની જહાનમાં હું જીવતી ન હોત."

એટલું કહીને જલીમા ચુપ રહીને જલીમા ચુપ રહી, અને તેની હરિણ સમાન કાળી આંખોમાથી દૂધ જેવા સફેદ આંસુના

છાંટા પડવા લાગ્યા. અહમદે જલીમાની વાતમાં વધારે ધ્યાન આપ્યુ અને જેમ જેમ જલીમા પોતાના ભેદને ખુલ્લો કરવામાં વાર લગાડતી ગઇ, તેમ તેમ તે સાંભળવાની ઉત્કંઠા વધતી ગઈ–ઘણી કોશિશથી અંતે તેના ભેદને સમઝી શકયો. તેના ભેદથી તેને જે અજાયબી થઈ તે તેની ખુશી જેવીજ હતી. અહમદ એ ભેદથીજ અલાઉદીનને તેનું નષ્ટ પણ આપવાને બદલે જલીમાને વધારે સુખી કરવાના પ્રયત્નમા પડયો,

ત્યારે જલીમા કોણ ? જેની ઉપર અલાઉદીને બલત્કાર કર્યો હતો, તેજ કોમલાંગી સુદર કુમારિકા તેજ જલીમાં !

"કલજુગ નહી કરજુગ હય,
યહાં દિનકો દે ઔર રાત લે;
કયા ખુબ સોદા નગદ હય,
ઇસ હાથ દે ઇસ હાથ લે."

રોનક.

ગયા પ્રકરણમાં બનેલા બનાવને બીજેજ દિવસે ટાઇગ્રીસ નદીના કિનારાપર પડાવ નાખી પડેલા દમાસ્કસના પાદશાહ ઉસ્માનની લશ્કરી છાવણીમાં એક રૂકકો આવી પહોંચ્યો. ઉસ્માન એ વખતે પોતાના લશ્કરી અમલદારોથી લડાઇ સંબંધી કાંઇ સલાહ મસલહત કરતો બેઠો હતો. બગદાદના ખલીફ અહમ્મદનો રૂકકો તે કાસીદે કુરનસ બજાવીને ઉસ્માનના હાથમાં આપ્યો. તેણે રૂક્કામાંનું મજમૂન (વિગત) વાંચવા માંડયું. જેમ જેમ તે વાંચવામાં આગળ વધતો ગયો તેમ તેમ તેના ચહેરા ઊપર વધારેને વધારે ખુશીની છાયા દેખાવા લાગી. એ રૂક્કામાં

તકલ્લુફી દીબસા પછી અલ્લાઉદ્દીને જલીમાપર ગુજારેલો જુલ્મ અને જલીમાં તેજ ઉસ્માનની ખોવાઇ ગએલી દુખ્તર (દીકરી)ની હયાતીના ખુશ ખબર વગેરે મજમૂન હતું. વાચકોની જાણ માટે તે તે જેમનું તેમ નીચે આપવામાં આવે છે—

"હું મને પોતાને મારાં તખ્તનશીન થવામા બેગુનાહ સાબીત કરવાની સાથે માજી સુલ્તાન અલ્લાઉદ્દીનના અસખ્યાત જુલ્મોનું બયન કરૂં છુ કે, હજી પણ તે ગુનાહને રસ્તે જતો અટકે ! જો બલ્વા કાંઇપણ સબબ વગરજ થતા હોય, તો બગદાદ ની રઇયત અને લશ્કરના અમલદાર તથા સીપાહીઓ મારીને લાયક છે. પણ તેમ નથી. મુલ્કની પાયમાલી શાથી થઇ? એવું તે નખ્ખોદ વાળનાર કયું કારણ હતું કે, અપ્સરાના અખલાકનો નાશ થયો? હસવાની જગ્યા રોવાએ લીધી અને સંતોષને ઠેકાણે ધિક્કાર આવી વસ્યો? રૈયતના મોઢાપર આજે આપણે જેન સહી શકાય તેવી નફરતની લાગણી વાંચી શકીએ છીએ, તેનું કારણ શું હશે? ઇન્સાનિયતની ભલામાં ભલી ખાસિયતોને પગ તળે દબાવી, તેમને હસી કહાડી, તેમને પરવા ન કરવાનો અને હયવાન જેવાં કામો કરવાનો શો સબબ?

અલ્લાઉદ્દીનને તખ્તપરથી ઉઠાડી મૂકવામાં આવ્યો. અલ્લાદ્દીન સુલ્તાનિયત ચલાવવાને તદન નાલાયક હતો. આવી મ્હોટી બાદશાહી રાસ્ત ઇન્સાફથીજ ચલાવીએ. નહિ કે આરાબીઓ "આસાએ શાહી (રાજ્યદંડ) હાથમાં ધારે અને રૈયતને રાસ્તર ઉપર ચલાવવાની ઇચ્છા રાખે, તે તો પોતેજ પોતાના બદહવસને દબાવવાને નીતિના માર્ગે ચાલવું જોઇએ. અલાઉદ્દીન પોતાના હોદાની સઘળી

ફરજો ભૂલી ગયો હતો અને અયશ આરામમાં ડુબી તકબ્બુરીમાં એવો તો ફુલી ગયો હતો કે, તેજ તેની પાયમાલીનું કારણ થયું એના વખતમાં દરબાર વેરાન જેવી થઇ ગઇ હતી અને જ્યાં ત્યાં જુલમ અને ગેરઇન્સાફીની બાદશાહીજ ચાલી રહી હતી. બિસ્મિલ્લાહ! નારને ગર્દન મારવાની સજા! રાતના વખતે માથાં વગરનાં અસંખ્ય મડદાં ટાઇગ્રીસના વહેતા પાણીમાં નાખી દેવામાં આવતાં હતાં અને બીજે દિવસે સવારના જે મકાનમાંથી તે મડદાં નખાયલા હોય, તે મકાનોનાં માલિક અમીરોનો પતો લાગતો નહોતો અલાઉદીનનાં અમલમા થતા જુલ્મોનો હજી પણ વધારે ચિતાર આપી શકું તેમ છે, પણ આટલું કહેવુંજ બસ થશે જે સલ્તનતને માટે મેં કોઇ દિવસે પણ કોશિશ કરી નથી. તે પાછી આપી દેવાને હું તૈયાર છું. અને જે દોલતને માટે હું કોઇ કાળે પણ હિર્સનો ગુલામ થયો નથી, તેપરથી મારો હાથ ઉઠાવવાને હું ખરેખરો ઉમેદવાર છું. પણ મારાપર જેમણે ઇતબાર રાખેલો છે, તેમનાપર તેણે જુલમ ન ગુજારવો, એવી જામીનગીરી મને મળવી જોઇએ. ઓ ઉસ્માન! હું જાણીને તાજ્જુબ થઉં છું કે, સિલ્જકના શાહ સાથે લડવા જતી વખતે મહેલમાં તે એકલી મુકેલી તારી એકની એક પ્યારી દીકરીને બલાત્કારથી તેના એકાંત વાસમાંથી ઉપાડી જનાર અને તેના પાકદામનપર ધબ્બો લગાડનાર હપસી અલાઉદ્દીન માટે તું લડાઇના મેદાનમાં જાન આપવાને તૈયાર થયો છે. નેક ખસ્લત ઉસ્માન! અહીં આવ અને લડાઇના ખોફનાક ખુની બનાવને અટકાવ! ખુશી અને ખુરમીની હવાને ફેલાવ હું જોરાવર નથી. કમજોર છું, મારા કિસ્મતનો બધો

આધાર રૈયતની રહમ નજરપરજ રહેલો છે તારી દુખ્ખર જલીમાનો પત્તો મળ્યો છે. તારી કુમારી જલીમા–પાક અને પરી પયકર જલીમા મારા મકાનમાં ખૈરૂથી આબાદ છે. '

આ કાગળ વાંચતાં ઉસ્માનાં મનમાં કેવી અને કેટલી ખુશી થઇ હશે, તેનું વર્ણન થતું અશક્ય છે. માટે તેની કલ્પના વાચકોએ મનમાંજ કરી લેવી, તેજ અલ્લાઉદ્દીન જે તંબુમાં રહ્યો હતો. ત્યાં તેણે છ સીપાહીઓને મોકલ્યા અને અલ્લાઉદ્દીને રહમ તેમજ માફી માટે ઘણી આજીજી કરી છતાં પણ ગુસ્સાથી છેડાયલા દિલશેર ઉસ્માને તેને ફાંસીને લાકડે લટકાવી દીધો. કહાણીનો બાકીનો ભાગ વાંચનારની કલ્પનાનાં આવી શકે તેમ છે.

અહમ્મદે જલીમાને પોતાની મુસાહિબ સુલ્તાના બનાવી અને ઘણા વર્ષ સુધી તે શહેનશાહત ઉપર હુકુમત ચલાવી કે જેનું બગદાદએ મુખ્ય શહેર તખ્તગાહ હતું.



લોહાણા હિતેચ્છુ.

જ્ઞાતિના ઉદય અર્થે ઉત્તમ ખબરો તેમજ વિચારશીલ લેખોથી ભરપુર પત્ર રાજકોટમાં દર ગુરૂવારે સહવારે પ્રકટ થાય છે.

લવાજમ નીચે મુજબ.

દેશાવરના વાર્ષીક રૂા ૩-૧૨-૦ હિંદુસ્થાનની બહારના વાર્ષીક રૂા ૪-૧૨-૦ જાહેર ખબરના ભાવતાલ માટે લખો—

"લોહાણા હિતેચ્છુ"
રાજકોટ સીવીલ સ્ટેશન.

નકલીથી સાવધાન રહેજો.

અમોએ એવી **જુલાબની ગોળીઓ** બનાવી છે કે જેથી ગળુ બળતું નથી તેમજ વધારે લેવાની જરૂર પડતી નથી. છતાં મળવીકારને શુધ્ધ કરીને દસ્ત સાફ લાવે છે. વેપારીઓને સારૂ કમીશન આપવામાં આવશે. વાપરીને ખાત્રી કરો.

શક્તિને માટે તેમજ સ્વાદીસ્ટ તથા પાચનક્રિયાને માટે **એનરજેટીક પીલ્સ** વાપરો.

સોલ એજંટ
સી. જે. શાહ
કરમસદ
(ખેડા)

વધુ માટે લખો—

ડા૦ બી. કે. શાહ
મુ. નાર. પી. સી. રેલ્વે.

પ્રસિદ્ધ કર્તા-ચંપકલાલ જગજીવનદાસ જરીવાળા.

પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું-બેગમપુરા-સુરત.

શા ખુબચંદ અમીચંદના ધી સુરત "જૈન" પ્રીન્ટીગ પ્રેસમાં વીઠુલદાસ કીકાભાઈએ છાપ્યું-ઠો૦ ખપાટીયા ચકલા-સુરત